# 1

- જયારથી શાસન વ્યવસ્થા શરૂ થઈ ત્યાર થી

ન્યાય અને રક્ષણ શાસન ની મુળ વાતો છે.

- ગૃહ વિભાગ જયાર થી શાસન વ્યવસ્થા

સ્થપાઈ ત્યારથી સૌથી પહેલા અસ્તીત્વ મા આવેલ વિભાગ છે.

- ભુપેન્દ્રભાઈ ની સરકાર મા ડ્રગ્સ મોટા પ્રમાણ

મા પકડવામા આવતા કોગ્રેસી સભ્યો એમ કેહતા કે ઉડતા ગુજરાત બન્યુ છે.

# 2

- મને કહેવા દોકે ગુજરાત મા ભુતકાળ મા દારૂ

ના વેપારીઓ મારી પાસે જ દારૂ લેવાનો તેમ ખુલ્લેઆમ દાદાગીરી કરતા લતીફ પાસે દારૂ ન લેનાર હંસરાજ અને તેના ૮ સાથીદારો ને કાવાસોનિક રાયફલ થી રાધિકા જીમખાના મા ઠાર મારવામા આવ્યા હતા.

# 3

•એક જમાનામાં ગુડાઓ લક્ષ્મણ રેખા દોરતા

જેની આગળ પોલીસે ન આવવું.ગીતા જોહરી D.Y.S.P અનીરૂધસીંહ જાડેજા, P.S.I પટેલ રીક્ષા મા લતીફ ને તેના ઘરે પકડવા ગયા હતા લતીફ ભાગી ગયો પરંતુ ૯ જણ ને રાધિકા જીમખાના મા મારનાર શરીફખાન પકડઇ ગયો ગીતા જોહરી બુરી રીતે ઘેરાઈ ગયા ઘર માથી બ્રીગેડ કોલ કરવામા આવ્યો તે સમયે અમદાવાદ ના બધા ૧૮ પોલીસ સ્ટેશન ની પોલીસ આવી પણ દરીયાપુર તંબુ ચોકી એ આવી ને ઉભી રહી ગઈ લતીફ ના ઘર પોપટીયાવાડ મા ના ગઈ

4

આજે મને ગૌરવ છે કે સારા ગુજરાત મા પોલીસ ને લક્ષ્મણ રેખા દોરનાર લોકો ને ભાજપ સરકારે ભોંય મા ભંડારી દિધા છે

અસામાજીક તત્વો ધમકી આપે એટલે જગન્નાથ ભગવાનની રથયાત્રા પર પ્રતીબંધ મુકયો હતો.

ભગવાન જગન્નાથ હાથી મા પ્રવેશ્યા અને હાથી એ પોલીસ ની ગાડીઓ ને પગ થી ફગાવી દીધી અને રથયાત્રા નીકળી. રથયાત્રા પર અસંખ્ય હુમલા થતા ભગવાન જગન્નાથ ને વર્ષો સુધી બુલેટપ્રુફ રથ મા ફેરવવા પડયા છે.

# 5

મને આનંદ છે કે આજે જે જગ્યાએ સૌથી વધારે રથયાત્રા પર હુમલો થવાની બિક રહેતી હતી તે જગ્યા એ મંદિર ના મહંત ને ઉભા રાખી ને તેમની પાસે કબુતર ઉડાવડાવામા આવે છે.

ભુતકાળ મા ગુજરાત અનેક વાર ઘાયલ થયેલ છે લોહી થી લથપથ થયું છે. ભારતીય જનતા પાર્ટી ના સમય મા એક પણ વાર આવો બનાવ બન્યો નથી

# 6

રાજય સરકાર ગુંડાઓ ને રાજયાશ્રય આપે છે અને ગુજરાત મા કાયદો ને વ્યવસ્થા ની પરિસ્થીતી સારી નથી તેવો કાગળ કોગ્રેંસ ના જ સાંસદ મરર્હુમ રઉફવલી ઉલાએ કેન્દ્ર ને લખેલ તો તેમને ટાઉન હોલ પાછળ મધુબન બ્લિડીંગ મા જતા ૯ ઓકટોમ્બર ૧૯૯૨ કોગ્રેંસ ના કાર્યકર પ્રદિપ દવે(બકાભાઈ) ની ઓફિસ મા જતા હતા ત્યારે ગોળી મારી ઠાર કરવામા આવ્યા.

સરકારની ગુંડાગીરી સામે અવાજ ઉઠાવનાર લોકશાહી ના ચોથા પ્રહરી ગુજરાત સમાચાર ને માલીકો સાથે સળગાવવાનો પ્રયાસ થયો પોલિસની ગાડી મા પોલિસ ને ગુંડાઓ આવ્યા.

# 7

અમદાવાદ ના કોટ વિસ્તારમાથી કોંગ્રેસ ના શાસન મા હિન્દુઓ ને ભગાડવાનુ ષંડયંત્ર રચાયું ડબગરવાડ મા ઘર ના દરવાજા બહાર થી બંધ કરી ૭ ડબગરને જીવતા સળગાવવા મા આવ્યા હતા અને પછી કોટ વિસ્તાર માથી હિન્દુઓ ની હિજરત શરૂ થઈ.

જમાલપુર મા ૩૦૦ વર્ષ જુનુ દેરાસર ભય થી ખસેડવુ પડયું બધી પ્રતિમાઓ લાલભાઈ દેવચંદ આગ્રહ કરી ને ખસેડાઈ પહેલા અરવિંદ મિલ ના સોલસેલીંગ એજન્ટ રાવ બ્રધર્સ વાળા પાલડી ખાતે મહાવીર ટાવર ના ફ્લેટ મા અને હાલ મા સેટેલાઈટ વિસ્તાર મા પ્રેરણા તિર્થ દેરાસર તરીકે હમણા તે જગ્યા પ્રખ્યાત છે.

# 8

કાલુપુર પોલિસસ્ટેશન થી કાલુપુર દરવાજા બધી હિન્દુ પોળો ખાલી થઈ ગઈ ભોઈ વાડા ની પોળ મા ડોસલાદાદા નુ પૌરાણીક મંદિર ખસેડવુ પડયું

કાયદોને વ્યવસ્થાની હદ પુરી થયા ના બોર્ડો લાગતા પોરબંદર ની જેલ બંધ કરવી પડી હતી

અત્યારે ગુજરાતમા એકેય ઓર્ગેનાઈઝ ગેંગ નથી.

કોગ્રેસના શાસન મા ૪ વર્ષ મા ૨૩ લઠ્ઠાકાંડ થયા હતા ૯૪ નાગરીકોના મૃત્યુ થયા હતા.

# 9

કાલુપુર પોલિસ સ્ટેશન પી.આઈ. આર.કે.ત્રિપાઠી હતા ત્યારે ૫૦૦૦ માણસોએ પોલિસ સ્ટેશન પર હુમલો કરી સળગાવવાનો પ્રયાસ કર્યો.

છેલ્લા ૨૦ થી વધુ વર્ષો થી ગુજરાત મા કરફ્યુ કોઈએ જોયો નથી ૨૦ વર્ષ ના યુવાનોને કરફ્યુ શુ છે ખબર નથી ભુતકાળ મા માણસ ઘર ની બહાર જાય ત્યારે જીવતો પાછો આવે ત્યારે હાશ થતી વર્ષ ના ૧૫૦ દિવસ કરફ્યુ ના રહેતા